## હાઈવે પર દોડતા કોફીન

# સુરતથી કાનપુર જતી લકઝરી બસ ઉંભેળ બ્રિજ પર પલટી ગઈ

**40 મુસાફરથી ભરેલી બસમાં બેને ઇજા**

**વ્હીલમાં** ખામી સર્જાતાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો


વિશાલ પટેલ

કામરેજ : મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર 48 પર ઉંભેળ ગામની હદમાં આવેલા ઓવરબ્રિજ પર મંગળવારના રોજ સવારે સુરત થી કાનપુર જતી 40થી વધુ મુસાફરો ભરેલી લકઝરી પલટી જતાં બે મુસાફરોને ઈજા થઈ હતી.

સુરતથી કાનપુર જતી લકઝરી બસ નંબર યુપી 92 એટી 3760માં બ્રિજ ઉપર જ આગળના વ્હીલમાં ખામી સર્જાતા બસ પલટીને બ્રિજની પાળ પર અટકી ગઈ હતી. જો બસ બ્રિજ પરથી નીચે પટકાતે તો મોટી જાનહાનિ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. થોડા દિવસ પહેલા વડોદરા અને એક મહિના અગાઉ કાનપુરથી સુરત આવતી બસ સળગી જવાની ઘટના બની હતી. ઉંભેળની ઘટનામાં બસમાં બેસેલા મુસાફરોએ બુમાબુમ કરતાં ગામના લોકો તેમજ રોડના રાહદારીઓ મદદે દોડી આવી બસમાં બેસેલા મુસાફરોને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં બસમાં સવાર મુસાફર રાજેશ સુભેન્દ્ર રાજપૂત (ઉ.વ.50, રહે.પોલીસ કોલોની, પાંડેસરા) તેમજ રીનાબીબી સીયાઈલાલ નિસાદ (ઉ.વ.34, રહે.શિવશકિત સોસાયટી, સાયણ,તા.ઓલપાડ) ને ઈજા થતાં 108માં સારવાર માટે સ્મીમેર હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવામાં આવી હતી. આ અંગે કામરેજ પોલીસે બસના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લકઝરી બસ પલટી મારી જતાં બ્રિજ નીચે આશાપુરા માતા મઢ ખાતે મુંબઈ સાઈકલ પર જતાં યાત્રિકો માટે વિશ્રામ કરવા માટેના કેમ્પમાં સેવા કરતાં લોકોએ નજરે અકસ્માતની ઘટના જોતા તુરંત જ ચાર થી પાંચ ફોર વ્હીલ કાર લઈને બ્રિજ પર જઈને મુસાફરોને બસમાંથી બહાર કાઢીને કેમ્પમાં લાવીને નાસ્તો તેમજ જમવાની વ્યવસ્થા કરી હતી.



### પ્રોટેક્શન વોલ તૂટી, મુસાફરોનો સામાન નીચે પડ્યો

સુરત થી ઉત્તરપ્રદેશના કાનપુર જતી લકઝરી બસ ઉંભેળ પાસે અકસ્માત થયો હતો.જેમાં બસ બ્રિજની પ્રોટેકશન દિવાલના લઈને નીચે પલટી મારતાં બચી ગઈ હતી.પ્રોટેકશન દિવાલમાં બસ અથડાતા થોડો ભાગ દિવાલનો તુટી પર જવા પામ્યો હતો. બસના ઉપર મુસાફરોને સામાન પર બ્રિજ પરથી નીચે પડયો હતો.

### બસ કે કોફિન

તા. 5 સપ્ટેમ્બર-2026


સ્થળ-ગોલ્ફસિટી લખનૌ ઉત્તર પ્રદેશ
બસ ગોરખપુરથી સુરત આવતી હતી

તા. 24 ઓગસ્ટ-2026


સ્થળ-ધાર મધ્યપ્રદેશ
બસ સુરતથી કાનપુર જતી હતી

# દહેજના ઉદ્યોગોમાં વીજ સંકટ દર મહિને 100 કરોડનું નુકસાન

**GETCOને** નેટવર્ક મજબૂત કરવાની માંગ



### કેટલાંક સાધનો બદલવાની જરૂર છે: વ્યનુ વ્યાસ

દહેજના એક મુખ્ય ઔદ્યોગિક એકમના ડિરેક્ટર વ્યનુ વ્યાસે જણાવ્યું હતું કે, કેટલાંક ઉપકરણો લગભગ 15 વર્ષ જૂનાં છે અને તેમને બદલવાની જરૂર છે. તેમણે અંદાજ લગાવ્યો હતો કે, વીજળી સંબંધિત સમસ્યાઓને કારણે તેમના યુનિટને વાર્ષિક રૂ.15 કરોડથી રૂ.20 કરોડનું નુકસાન થાય છે.

ભરૂચઃ ગુજરાતના ઔદ્યોગિક હબ દહેજમાં વીજળી ગુલ થવા, સાધનોમાં નિષ્ફળતા અને વોલ્ટેજમાં વધઘટની સમસ્યાએ ઉદ્યોગોને ભારે નુકસાનના વંટોળમાં મૂક્યા છે. આ સમસ્યાના કારણે દર મહિને લગભગ 100 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું હોવાનો અંદાજ છે. જેથી ઉદ્યોગકારોએ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)ને પ્રદેશના જૂના પાવર નેટવર્કને મજબૂત બનાવવાની માંગ કરી છે.

ગુજરાતના ગોલ્ડન કોરિડોરમાં આવેલી આ ઔદ્યોગિક વસાહતમાં 400થી વધુ કેમિકલ, પેટ્રોકેમિકલ, ફાર્માસ્યુટિકલ, એન્જિનિયરિંગ અને નિકાસલક્ષી એકમો આવેલાં છે. આ એકમોનું સંયુક્ત વાર્ષિક ટર્નઓવર રૂ. 2 લાખ કરોડથી વધુ છે. આ ક્લસ્ટર રાજ્યના પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રિજન (PCPIR) હેઠળ સ્થપાયેલું છે અને રૂ.1 લાખ કરોડથી વધુના રોકાણ સાથેના પ્રોજેક્ટ્સ માટે તૈયારી કરી રહ્યું છે.

દહેજ ઈન્ડસ્ટ્રિઝ એસો.ના પ્રમુખ સુનીલ ભટ્ટે જણાવ્યું હતું કે, ગત તા.13, 16, 19 અને 23 સપ્ટેમ્બરના રોજ ચાર મોટા આઉટેજને કારણે 200 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું હતું. આ આઉટેજ 4થી 10 કલાક સુધી ચાલ્યા હતા. ઔદ્યોગિક એકમોએ બ્રેકર નિષ્ફળતા, વારંવાર ટ્રીપિંગ, શૂન્ય-પાવર સ્થિતિ, વોલ્ટેજ વધઘટ, વિલંબિત પુનઃસ્થાપન અને આયોજિત સમયગાળાથી વધુ સમય સુધી શટડાઉનની ફરિયાદો પણ કરી છે. GETCO સાથે ઘણી વખત ચિંતાઓ ઉઠાવવામાં આવી હતી, પરંતુ પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. દહેજનો મુખ્ય વીજ પુરવઠો સુવા અને દહેજ ખાતેના 220kV સબ સ્ટેશનો દ્વારા આવે છે. ઉપરાંત, દહેજ, વડાદલા, સંભેલી, જોલવા, લુના, ગેલેન્ડા, સુવા, અટાલી, અંભેટા અને ભેંસલીના 66kV સબ સ્ટેશનોનાં નેટવર્ક દ્વારા વીજળી પહોંચે છે. આ સ્થાપનો વાગરા, હલદરવા, કોસંબા અને અન્ય સ્ત્રોતના મુખ્ય વીજ સ્ત્રોતો સાથે જોડાયેલાં છે.

DIAના સચિવ બલદેવ આહિરે જણાવ્યું હતું કે, વીજળી આઉટેજના કારણે સમગ્ર બેચનું નુકસાન થઈ શકે છે, જેનાથી કરોડોનું નુકસાન થઈ શકે છે. DIA પાવર કમિટીના ચેરમેન મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે, પોલિએસ્ટર અને રેઝિન યુનિટ સહિત કેટલાક પ્લાન્ટને મોટા આઉટેજ અથવા વોલ્ટેજ વધઘટ પછી સ્થિર કામગીરીમાં પાછા ફરવામાં 24થી 72 કલાકનો સમય લાગે છે.

# નર્મદા બ્રિજ પાસે બે કાર અને બે મોપેડ વચ્ચે અકસ્માત

**ચાર** જણા ઈજાગ્રસ્ત, અકસ્માતને કારણે બ્રિજ પર લાંબો ટ્રાફિક જામ



ભરૂચઃ ભરૂચ અને અંકલેશ્વર વચ્ચે આવેલા નર્મદા મૈયા બ્રિજ પાસે મંગળવારે બે કાર અને બે મોપેડ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં ચાર વ્યક્તિને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે. ઈજાગ્રસ્તોની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતને કારણે નર્મદા મૈયા બ્રિજ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનોની લાંબી કતારો લાગી જતાં વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બ્રિજ પર ટ્રાફિકની સ્થિતિ અંગે ઘટનાની જાણ થતાં જ સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

# મુબારકપુરમાં ટ્રેક્ટરની બે બેટરી અને બે મીની મોટરની ચોરી

કુકરમુંડાઃ નિઝરના મુબારકપુર ગામે તસ્કરોએ બે ટ્રેક્ટરમાંથી બેટરીઓ તેમજ ખેતર અને આંગણામાંથી બે મીની મોટર મળી કુલ રૂ.૨૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી.

પટેલ ફળિયામાં રહેતા વિપુલભાઈ પટેલના આંગણામાં પાર્ક કરેલાં બે ટ્રેક્ટરમાંથી રૂ.૧૬,૦૦૦ની કિંમતની બે બેટરીઓ ચોરાઈ હતી.

આ ઉપરાંત ગામના યોગેશભાઈ પટેલની સીમમાંથી ખેતી કામ માટેની રૂ.૯,૦૦૦ની મીની મોટર અને જગનભાઈ પટેલના ઘરના આંગણામાંથી રૂ.૪,૦૦૦ની મોટર મળી કુલ રૂ.૧૩,૦૦૦ની બે મોટરની ચોરી થઈ હતી.

અલગ-અલગ ફરિયાદોના આધારે નિઝર પોલીસે અજાણ્યા ચોરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નારણપુર ગામમાં સંયુક્ત માલિકીની જમીન ખાતેદારોની જાણ બહાર NA કરી દેવાઈ!

**મહિલા** ખાતેદાર સહિત ચાર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો

**જમીન** NA કરવા માટે ખોટું સોગંદનામું કરનાર નોટરી વકીલ ઈશ્વર કોંકણી સામે પણ ગુનો દાખલ

વ્યારાઃ ઉચ્છલના નારણપુર ગામે સંયુક્ત માલિકીની ખેતીની જમીન અન્ય ખાતેદારોની મંજૂરી વિના ખોટું સોગંદનામું કરીને આરોપીઓએ પોતાના ભાગે આવેલી ખેતીની જમીન NA કરાવી સમગ્ર મામલે ઉચ્છલ પોલીસ મથકે પહોંચતાં પોલીસે મહિલા ખાતેદાર સહિત તેના પુત્ર અને સોગંદનામું કરી આપનાર વ્યારાના નોટરી વકીલ ઈશ્વર કોંકણી મળી ચાર શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી ધર્માભાઈ નંદરિયાભાઈ ગામીત (ઉં.વ.68) (રહે.,ઝરાલી ફળિયું, નારણપુર, તા.ઉચ્છલ) વડપાડા નેસુ ગામે અન્ય 10થી વધુ ખાતેદાર સાથે સરવે / બ્લોક નં.556 જૂનો સરવે નં.20 પૈકી 50 વાળી 73 AA વાળી જમીન પર સંયુક્ત રીતે માલિકી હક્ક ધરાવે છે.

તેમ છતાં ફરિયાદીની બહેન દેવલીબેન નંદરિયા ગામીતે પોતાના ભાગે આવેલી જમીન અન્ય ખાતેદારોની મંજૂરી વિના જ વ્યારાના નોટરી વકીલ ઈશ્વર કોંકણી પાસે ગત વર્ષે તા.30-8-2025ના રોજ ખોટું સોગંદનામું કરાવી વડીલોપાર્જીત ખેતીલાયક જમીનમાંથી 4,000 ચોરસ મીટર જમીન બિનખેતી કરાવી દીધી હોય, ફરિયાદીએ ગત તા.5-8-2026ના રોજ ઉચ્છલ પોલીસ મથકે પોતાની બહેન દેવલીબેન નંદરિયા ગામીત, મદદગારી કરનાર માધુ ધીરજ વસાવા અને તેના પુત્ર માર્મિક માધુ વસાવા તમામ (રહે.,ઝરાલી ફળિયું, નારણપુર, તા.ઉચ્છલ) અને વ્યારાના નોટરી વકીલ ઈશ્વર ટી.કોંકણી વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલીમાં ત્રણ સોલાર પ્લાન્ટમાંથી કેબલની ચોરી

**ત્રણ** અલગ-અલગ પોલીસ ફરિયાદ નોંધાઈ

બારડોલી: બારડોલી તાલુકાનાં વિવિધ ગામોની સીમમાં આવેલા સોલાર પ્લાન્ટ્સને નિશાન બનાવી મોટા પાયે સોલાર કેબલની ચોરી કરતી અજાણ્ય તસ્કરોની ટોળકી સક્રિય થઈ છે. બારડોલી રૂરલ પોલીસ મથકે ૫મી ઓક્ટોબરે અજાણ્યા ચોરો વિરુદ્ધ ત્રણ અલગ-અલગ ફરિયાદ નોંધાઈ છે. ત્રણેય ઘટનાઓમાં તસ્કરોએ સોલાર પ્લાન્ટમાં વપરાતા ૪ સ્ક્વેર એમ.એમ.ના ડીસી કેબલ ચોરી કર્યા છે.

પ્રથમ બનાવ મોતા ગામની સીમમાં રાઈઝોન ગ્રીન સોલારના પ્લાન્ટ્સમાં બન્યો હતો. જ્યાં સિક્યુરિટી મેનેજર ભૌતિકભાઈ યાદવની ફરિયાદ મુજબ અર્ચના ડાઈંગ, પ્રિયા ડાઈંગ અને રાયઝોન ઈન્ડસ્ટ્રિઝના ખુલ્લા સોલાર પ્લાન્ટમાંથી ₹૨,૫૯,૦૦૦ની કિંમતનો ૭૪૦૦ મીટર ડીસી કેબલ ચોરાયો હતો.

બીજી ઘટના મોટી ફળોદ ગામની સીમમાં બની હતી. કૌશિકભાઈ કાલીયાણીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર શાંતિપ્રકાશ ડ્રાઈંગ તથા દેવી પ્રોસેસરના સોલાર પ્લાન્ટમાંથી રાત્રિના સમયે રૂ.૨,૩૪,૫૦૦ની કિંમતનો ૬૭૦૦ મીટર કેબલ ચોરાયો હતો, જેનાં સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે.

ત્રીજો બનાવ આફવા ગામની સીમમાં પ્રોજેલ ગ્રીન એનર્જી લિ. કંપનીના સોલાર પ્લાન્ટ્સમાં બન્યો હતો. સાઈટ ઈનચાર્જ ઈન્દ્રનીલ રાયની ફરિયાદ મુજબ રજની પ્રિન્ટ અને ત્રિભુવન પ્લાન્ટ તથા ઓફિસમાંથી ₹૯૪,૫૦૦ની કિંમતનો ૨૭૦૦ મીટર ડીસી કેબલ ચોરાયો છે.

આમ, ત્રણેય સ્થળેથી કુલ ₹૩.૫,૮૭,૭૦૦ની કિંમતનો ૧૬,૮૦૦ મીટર ડીસી કેબલ ચોરાતાં બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધી ચોર ટોળકીને પકડી પાડવા તપાસ તેજ કરી છે. વારંવાર બનતી આ ઘટનાઓથી સ્થાનિક સોલાર ઉદ્યોગકારોમાં ચિંતા વ્યાપી છે.

# ભરૂચના બળિયાદેવ મંદિરના ટ્રસ્ટી કાગળ પર મૃત જાહેર!

**બોગસ** સોગંદનામું બનાવવાનો ગંભીર ગુનો નોંધાયો

ભરૂચઃ ભરૂચ શહેરના દાંડિયા બજાર સ્થિત બળિયાદેવ મંદિર (દશાશ્વમેઘ મંદિર ટ્રસ્ટ) માં જીવતા ટ્રસ્ટીઓને કાગળ પર મૃત જાહેર કરી બોગસ દસ્તાવેજોના આધારે ટ્રસ્ટ હડપ કરવાનો અને આર્થિક ગડબડ કરવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. આ અંગે ભરૂચ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી નવીનભાઈ ઉર્ફે નવીનચંદ્ર ડાહ્યાભાઈ રાણા વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ટ્રસ્ટના ૬૭ વર્ષીય વરિષ્ઠ ટ્રસ્ટી અશ્વિનભાઈ રમણલાલ માસ્તરે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી નવીનભાઈ રાણાએ ૧૯ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ તમામ ટ્રસ્ટીઓ અને સ્થાનિકોની જાણ બહાર એક બોગસ મિટિંગ બતાવી ખોટા ઠરાવો અને એજન્ડા તૈયાર કર્યા હતા. બાદ ફરિયાદી અશ્વિનભાઈ સહિતના હયાત ટ્રસ્ટીઓને મૃત દર્શાવતું બોગસ સોગંદનામું (એફિડેવિટ) નોટરી સમક્ષ રજૂ કરી, નવા ટ્રસ્ટીઓ નિમેષ નવીનચંદ્ર રાણા, હરેશભાઈ ડાહ્યાભાઈ રાણા, રમેશભાઈ મોહનભાઈ રાણા અને જીતેન્દ્રભાઈ ભગવતલાલ મોદીનાં નામ ઉમેરી દીધાં હતાં. આ ખોટા સોગંદનામા અને દસ્તાવેજો ભરૂચ ચેરિટી કમિશનર કચેરીમાં રજૂ કરી ટ્રસ્ટના ઓફિશિયલ રજિસ્ટરમાં નવા ટ્રસ્ટીઓનાં નામ નોંધાવી દેવાયાં હતાં. આ છેતરપિંડીની જાણ થતાં અશ્વિનભાઈ માસ્તરે ૫ માર્ચ-૨૦૨૬ના રોજ સંયુક્ત ચેરિટી કમિશનર, સુરતની કચેરીમાં રિવિઝન અરજી કરી હતી. સુરત ચેરિટી કમિશનરે આ ગેરકાયદે ફેરફારો સામે સ્ટે ઓર્ડર આપ્યો છે, જે હાલ અમલમાં છે.

આ ઉપરાંત આરોપીએ ટ્રસ્ટની દાનપેટીઓમાંથી સંમતિ વગર રોકડ અને કીમતી વસ્તુઓ કાઢી પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. ૧૯૮૫થી ટ્રસ્ટી તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈની ફરિયાદના આધારે ભરૂચ પોલીસે કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નર્મદા જિલ્લામાં 1692 કરુણા એનિમલ એમ્બ્યુલન્સનાં નવ વર્ષ પૂર્ણ


દીપલ સોની

રાજપીપળા: ગુજરાત સરકારના પશુપાલન વિભાગ તથા EMRI Green Health Servicesના સંકલનથી નર્મદા જિલ્લામાં કાર્યરત કરુણા એનિમલ એમ્બ્યુલન્સે તા.૬ ઓક્ટોબરે નવ વર્ષ પૂર્ણ કર્યાં છે. નવ વર્ષ પૂર્ણ થવાના અવસરે નાંદોદ તાલુકા પશુપાલન અધિકારી ડો.વસિમભાઈની ઉપસ્થિતિમાં શુભેચ્છા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સની સેવા સાથે જોડાયેલા સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.

### આયુષ્માન ભારત કાર્ડ વાલોડનાં ઉર્વશીબેન માટે આરોગ્ય સુરક્ષા કવચ બન્યું



વાલોડ: વાલોડ તાલુકાના લાભાર્થી ઉર્વશીબેન પ્રકાશભાઇ ચૌધરી માટે આયુષ્માન ભારત યોજના એક મોટું રક્ષાકવચ સાબિત થઇ છે. સામાન્ય કે મધ્યમ વર્ગના પરિવાર માટે અચાનક આવી પડતી ગંભીર બીમારીઓ અને સારવારના મોટા ખર્ચનો ભય સતત રહેતો હોય છે. ઉર્વશીબેને પોતાના અનુભવ જણાવતા કહ્યું કે, આયુષ્માન કાર્ડને લીધે તેમને પરિવારના ભવિષ્ય અંગે મોટી નિશ્ચિંતતા મળી છે. ભવિષ્યમાં કોઈ બીમારી આવે તો વ્યાજે પૈસા લેવા કે કોઈની સામે હાથ લંબાવવાની નોબત નહીં આવે. હવે તેઓ શ્રેષ્ઠ હોસ્પિટલોમાં નિ:સંકોચ મફત સારવાર મેળવી શકે છે. આ આર્થિક સુરક્ષા બદલ તેમણે સરકારનો આભાર માન્યો હતો.

### અંકલેશ્વરમાં ચોરીનો આરોપી ઝડપાયો


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વરના નવી દીવી રોડ સ્થિત શિવદર્શન બંગ્લોઝના એક બંધ મકાનમાં થયેલી ચોરીના ગુનાનો ભરૂચ LCB ટીમે ભેદ ઉકેલી મુખ્ય આરોપી ભરૂચના સતવંતસિંહ ઉર્ફે સંત ટાંકને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી ૧૦ હજારનો મોબાઈલ જપ્ત કરાયો છે. પૂછપરછમાં ખુલાસો થયો છે કે તેણે સ્વિફ્ટ કારમાં આવેલા અન્ય સાગરીતો સાથે મળી ચોરી કરી હતી. મુખ્ય આરોપી સામે અગાઉ વિવિધ જિલ્લાઓમાં અનેક ગુના નોંધાયેલા છે. પોલીસે આ મામલે લાખનસીંગ, રાજેન્દ્રસીંગ સહિત ત્રણને વોન્ટેડ જાહેર કરી શહેર એ ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ભાદી ગામે દીપડો પાંજરે પુરાયો


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભાદી ગામેથી એક કદાવર દીપડાને પાંજરે પૂરવામાં આવ્યો છે. આ દીપડો પકડાતાં ગ્રામજનોએ લાંબા સમય બાદ રાહતનો શ્વાસ લીધો છે. વન વિભાગે દીપડાને સુરક્ષિત જગ્યાએ છોડવાની તૈયારી શરૂ કરી છે.

### કીમમાં ઓનલાઇન ટ્રેડિંગ અને બિટ કોઇનના નામે ૧.30 લાખની છેતરપિંડી

કીમ: કીમ વિસ્તારમાં સોશિયલ મીડિયા અને ઓનલાઈન ટ્રેડિંગના નામે છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મૂળદ ગામની સાઈ રેસિડેન્સીમાં રહેતા તૃષારભાઈ પરમારનો ઇન્સ્ટાગ્રામ આઈડી @itsmearvika_Luno1 અને @Mayank_Luno88 મારફતે સંપર્ક કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં સંચાલકોએ યુટ્યુબ વિડીયો લાઈક-સબસ્ક્રાઈબ કરાવવાના બદલામાં નાણાં આપી ફરિયાદીનો વિશ્વાસ જિત્યો હતો. ત્યારબાદ બિટકોઈન તથા ઓનલાઈન ટ્રેડિંગમાં ૪૦થી ૫૦ ટકા નફાની લાલચ આપી રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું. ફરિયાદી પાસે શરૂઆતમાં ૧,૦૦૦નું રોકાણ કરાવી ઓનલાઈન પ્લેટફોર્મ પર નફો દર્શાવાયો હતો. ત્યારબાદ વધુ રોકાણ કરવા દબાણ કરી અલગ-અલગ UPI ID મારફતે તબક્કાવાર કુલ ૧.૩૦ લાખ પડાવી લેવાયા હતા. જ્યારે ફરિયાદીએ વધુ રકમ આપવાની ના પાડી, ત્યારે તેમનું ઓનલાઈન એકાઉન્ટ ફ્રીઝ કરી દેવાયું હતું. છેતરપિંડીનો અહેસાસ થતાં કીમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ઇન્સ્ટાગ્રામ આઈડી, UPI વ્યવહારો અને બેંક ખાતાઓની તપાસ હાથ ધરી નડિયાદ તાલુકાના ચકલાસી અને આસપાસના વિસ્તારના રહેવાસી એવા મોસીન અનવર દિવાન (ઉં.વ.૧૯), રેહાન ઇસ્માઇલ દિવાન (ઉં.વ.૧૯), અરકાનમીયા હુસેનમીયા ચાવડા (ઉં.વ.૨૧), મુસ્કાન ઇમ્તિયાઝ દીવાન (ઉં.વ.૨૪) અને ઈમ્તિયાઝ દીવાન સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડિજિટલ પુરાવાઓના આધારે કીમ પોલીસે વધુ આરોપીઓને પકડવા તપાસ તેજ કરી છે.